# મ.દે.મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ

**અને**

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

**દ્વારા આયોજીત**

# "આંતરરાષ્ટ્રીય મૂળ નિવાસી દિવસ, ૯ મી, ઓગસ્ટ – ૨૦૧૯"

## પરંપરાગત આદિવાસી બોલી વર્ષ – ૨૦૧૯

**નિમિત્તે તા. : ૦૫.૦૮.૨૦૧૯ થી તા. : ૦૯.૦૮.૨૦૧૯ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમનો અહેવાલ**

**સ્થળ : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

## ‘‘આંતરરાષ્ટ્રિય મૂળનિવાસી દિવસ, ૯ મી, ઓગષ્ટ–૨૦૧૯’’ ની ઉજવણી નિમિત્તે થયેલ કાર્યક્રમોનુ આયોજન પત્રક

| ક્રમ | તારીખ | સમય | કાર્યક્રમ | સ્થળ | કાર્યક્રમ સંચાલક |
|---|---|---|---|---|---|
| ૧ | ૫–૦૮–૨૦૧૯ | ૪.૦૦ થી ૬.૦૦ સાંજ | –પરંપરાગત આદિવાસી પેઈન્ટીંગ વિષય પર કાર્યશાળા | આદિવાસી કેન્દ્રનો હોલ | શ્રી પરેશભાઈ રાઠવા, સુશ્રી સન્યુક્તાબેન<br>શ્રી ભરતસિંહ ગોહિલ (TRTI)<br>શ્રી પંકજભાઈ મહાડિક (TRTI) |
| | ૬–૦૮–૨૦૧૯ | ૮.૦૦ થી ૧૦.૦૦ સવાર | –પરંપરાગત આદિવાસી પેઈન્ટીંગ વિષય પર કાર્યશાળા | આદિવાસી કેન્દ્રનો હોલ | |
| | | ૫.૦૦ થી ૬.૦૦ સાંજ | – નિબંધ સ્પર્ધાના નિબંધોનું સંકલન | મ.દે. સેમિનાર હોલ | પ્રો.ઉષાબેન ઉપાધ્યાય<br>ડૉ. પુનિતાબેન હર્ણે<br>ડૉ. વિપુલભાઈ રામાણી (TRTI) |
| ૨ | ૭–૦૮–૨૦૧૯ | ૮.૦૦ થી ૧૦.૦૦ સવાર | –પરંપરાગત આદિવાસી રમતોત્સવનું ઉદ્‌ઘાટન અને રમત સ્પર્ધા (તિરંદાજી, ગીલીદંડો, સતોડિયુ, કાકરી) | ગૂજરાત વિદ્યાપીઠ, મેદાન | ડૉ.મહેશભાઈ ગામીત<br>ડૉ.પ્રવિણભાઈ પટેલ (TRTI)<br>શ્રી ભલુભાઈ શેખ, (TRTI)<br>શ્રી રાજેશ પારગી (TRTI) |
| | | ૧૧.૦૦ થી ૧૧.૪૫ | –વિશ્વ આદિવાસી દિવસ, ૯ મી, ઓગષ્ટ–૨૦૧૯ નિમિત્તે થનાર કાર્યક્રમોનું ઉદ્‌ઘાટન | –મ.દે.ઉપાસના ખંડ | ડૉ.કમલેશભાઈ પટેલ-સંયોજકશ્રી મ.દે.<br>ડૉ.દેવચંદભાઈ વહોનિયા (TRTI) |
| | | ૪.૦૦ થી ૬.૦૦ સાંજ | –રમત સ્પર્ધા | ગૂજરાત વિદ્યાપીઠ, મેદાન | ડૉ.મહેશભાઈ ગામીત<br>ડૉ.પ્રવિણભાઈ પટેલ (TRTI)<br>શ્રી ભલુભાઈ શેખ, (TRTI)<br>શ્રી રાજેશ પારગી (TRTI) |
| ૩ | ૮–૦૮–૨૦૧૯ | ૮.૦૦ થી ૧૦.૦૦ સવાર | –રમત સ્પર્ધા | ગૂજરાત વિદ્યાપીઠ, મેદાન | ડૉ.મહેશભાઈ ગામીત<br>ડૉ.પ્રવિણભાઈ પટેલ (TRTI)<br>શ્રી ભલુભાઈ શેખ, (TRTI)<br>શ્રી રાજેશ પારગી (TRTI) |
| | | ૩.૦૦ થી ૫.૦૦ સાંજ | –વક્તૃત્વ સ્પર્ધા | મ.દે. સેમિનાર હોલ | પ્રો.ઉષાબેન ઉપાધ્યાય<br>ડૉ. પુનિતાબેન હર્ણે<br>ડૉ. વિપુલભાઈ રામાણી (TRTI) |
| | | ૫.૦૦ થી ૬.૩૦ | –સાંસ્કૃતિક કર્યક્રમ | ઓડિટોરિયમ હોલ | ડૉ.મંજુલાબેન ડાભી<br>ડૉ.તેજલબેન અધ્વર્યુ (TRTI)<br>શ્રી પંકજભાઈ મહાડિક (TRTI) |
| | | ૯.૦૦ થી ૧૦.૩૦ | –સાંસ્કૃતિક કર્યક્રમ | ઓડિટોરિયમ હોલ | |
| ૪ | ૯–૦૮–૨૦૧૯ | ૮.૦૦ થી ૧૦.૦૦ | –રમત સ્પર્ધા | ગૂજરાત વિદ્યાપીઠ, મેદાન | ડૉ. મહેશભાઈ ગામીત<br>ડૉ.પ્રવિણભાઈ પટેલ (TRTI)<br>શ્રી ભલુભાઈ શેખ, (TRTI)<br>શ્રી રાજેશ પારગી (TRTI) |
| | | ૧૧.૦૦ થી ૧૧.૪૫ | –વિશ્વ આદિવાસી દિવસ, ૯ મી, ઓગષ્ટ–૨૦૧૯ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમોની પૂર્ણાહુતિ | મ.દે. ઉપાસના ખંડ | ડૉ.કમલેશભાઈ પટેલ<br>ડૉ.દેવચંદભાઈ વહોનિયા (TRTI) |

## પ્રસ્તાવના :

વિશ્વની સર્વોચ્ચ સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની સામાન્ય સભા દ્વારા ૨૩ મી ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ ૯ મી ઓગસ્ટને "આંતરરાષ્ટ્રીય મૂળનિવાસી દિવસ" તરીકે જાહેર કર્યો ત્યારથી વિશ્વ ભરમા આ દિવસને "આંતરરાષ્ટ્રીય મૂળનિવાસી દિવસ" તેરીકે ઉજવવામા આવે છે. ચાલુ વર્ષ ૨૦૧૯ને પરંપરાગત આદિવાસી બોલી વર્ષ તરીકે પણ ઉજવવામા આવી રહ્યુ છે અને આ જ વિષય આ વર્ષના "આંતરરાષ્ટ્રીય મૂળનિવાસી દિવસ" ની થીમ પણ હતી. આ દિવસ ને આપણે "આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ" તરીકે ઉજવીએ છીએ કારણ કે આપણા મતે મૂળ નિવાસી એટલે આદિજાતિ સમુદાય.

૯ મી ઓગસ્ટ ના રોજ રાજ્ય ભરમા તમામ આદિજાતિ જિલ્લાઓમા આ દિવસને ઉજવવામા આવનાર હોય. ગૂજરાત વિદ્યાપીઠ પણ આ દિવસને એક મહત્વપૂર્ણ દિવસ તરીકે જોઇ રહી હતી અને છેલ્લા ઘણા વર્ષોથી આ દિવસને ખુબ ધામ–ધુમથી ઉજવી રહી હતી. ગૂજરાત વિદ્યાપીઠના પટાંગણમા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર કાર્યરત છે જેમા ગુજરાતના વિવિધ આદિવાસી સમુદાયોને ધ્યાનમા રાખીને વિકાસ અને સંશોધનના ઉમદા કાર્યો કરવામા આવે છે. આ વર્ષ પરંપરાગત આદિવાસી બોલી વર્ષ તરીકે ઉજવવાનુ હોય જેથી "આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ" નુ મહત્વ આપોઆપ વધી જાય છે. મ.દે. મહાવિદ્યાલય અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા સંયુક્ત રૂપે "આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ" ને ઉજવવાનો નિર્ણય કરી આ અંગેનુ ૫ દિવસનુ અયોજન તૈયાર કર્યુ.

## કાર્યક્રમનો હેતુ :

ગૂજરાત વિદ્યાપીઠમા આદિવાસી વિસ્તારના ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેમજ તેઓમા અને અન્ય વિદ્યાર્થીઓમા આ દિવસને લઇને ઘણી ઉત્સુકતા હોય. આ દિવસ ગૂજરાત વિદ્યાપીઠમા એક ખાસ દિવસ બની રહે તે માટે વિવિધ પ્રકારના કાર્યક્રમોનુ આયોજન કરવામા આવ્યુ. ઉપરાંત આ દિવસના મહત્વને સમજી શકાય તે માટે વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમા જોડવામા આવ્યા જેથી તેઓ આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને તેના રીત–રિવાજોને જાણી શકે, આદિવાસી સંસ્કૃતિનો પ્રચાર–પ્રસાર થાય તેમજ આદિવાસીઓને મૂળ પ્રવાહ સાથે જોડવા માટે કાર્યો જેવી બાબતોને ધ્યાનમા રાખીને વિવિધ પ્રકારના કાર્યક્રમોનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ગૂજરાત વિદ્યાપીઠના મોટા ભાગના વિદ્યાર્થીઓએ સહભાગી થઇને આ દિવસને એક પર્વની જેમ ઉજવ્યો હતો.

## "આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ – ૨૦૧૯" ઉદ્દઘાટન કાર્યક્રમ




**મ.દે. મહાવિદ્યાલય અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આયોજીત "આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ –૨૦૧૯" નો ઉદ્દઘાટન કાર્યક્રમનુ આયોજન ઉપાસના ખંડ ખાતે કરવામા આવ્યુ.**

**આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ–૨૦૧૯ ના ઉદ્દઘાટન કાર્યક્રમમા માન. નિયામક, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, સંયોજક, ડૉ. કમલેશભાઇ પટેલ, પ્રો. ઉષાબેન ઉપાધ્યાય અને ડૉ. મહેશભાઇ ગામીતે હાજરી આપી હતી.**





**ઉપસ્થિત સર્વે મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી "આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ–૨૦૧૯" નો શુભારંભ કરાવ્યો.**

# પરંપરાગત આદિવાસી ચિત્રકળા કાર્યશાળા અને સ્પર્ધા–તા.૦૫ /૦૬.૦૮.૨૦૧૯



પરંપરાગત આદિવાસી ચિત્રકળા કાર્યશાળા દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ આપતા તજજ્ઞ શ્રી પરેશભાઇ રાઠવા અને સુશ્રી સંયુક્તાબેન

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના તાલીમ હોલ ખાતે યોજાયેલ પરંપરાગત આદિવાસી ચિત્રકળા(પીઠોરા, વારલી) ની કાર્યશાળામા રસપૂર્વક પ્રશિક્ષણ લઇ રહેલા વિદ્યાર્થીઓ








મ.દે. મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ ના વિદ્યાર્થીઓ દ્વારા પરંપરાગત આદિવાસી ચિત્રકળા સ્પર્ધા







## આદિવાસી સંબંધી વિષય પર નિબંધ સ્પર્ધા

"પ્રવર્તમાન સમયમા વિકાસની અવધારણા અને આદિવાસી વિકાસ" વિષય પર નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ખુબ સારા પ્રમાણમા વિદ્યાર્થીઓએ ભાગ લીધો.





મ.દે. સેમિનાર હોલ ખાતે નિબંધ સ્પર્ધા બાદ નિબંધોનુ સંકલન કરતા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના પ્રતિનિધિ

## પરંપરાગત આદિવાસી રમતોત્સવનુ આયોજન

ગૂજરાત વિદ્યાપીઠ, મેદાન ખાતે પરંપરાગત આદિવાસી રમતોત્સવનુ ઉદ્ઘાટન કર્યુ અને વિવિધ આદિવાસી સમતોની રમત સ્પર્ધાની શરુઆત કરાવતા મહાનુભાવો સાથે –સાથે આ રમતોત્સવમા સહભાગી થનારા રમતવીરો.

આ સ્પર્ધામા આશરે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.





# વિવિધ પરંપરાગત આદિવાસી રમતોની સ્પર્ધા



તિરંદાજી

કાંકરી





ગીલ્લી દંડો

સતોડીયુ



## આદિવાસી સંબંધી વિષય પર વકતૃત્વ સ્પર્ધા



મ.દે. સેમિનાર હોલ ખાતે “પ્રવર્તમાન સમયમા વિકાસની અવધારણા અને આદિવાસી વિકાસ” વિષય પર વકતૃત્વ સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

“પ્રવર્તમાન સમયમા વિકાસની અવધારણા અને આદિવાસી વિકાસ” વિષય પર જેમા વિદ્યાર્થીઓએ છટાદાર વકતવ્યો આપી પોતાના વિચારો રજુ કર્યા હતા.





## આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમ





ઓડિટોરીયમ ખાતે સંધ્યાકાળી પરંપરાગત લોકગીતો, બોલી જેવા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા નૃત્ય ટીમોએ ભાગ લઈ આદિવાસી સંસ્કૃતિની જાંખી રજુ કરી હતી તેમજ કાર્યક્રમના આયોજકો અને સંકુલના મહાનુભાવોએ પણ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.



**આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ નિમિત્તે તા : ૦૫.૦૮.૨૦૧૯ થી તા : ૦૯.૦૮.૨૦૧૯ સુધી યોજાયેલ વિવિધ કાર્યક્રમોમા ભાગ લેનાર તથા વિજયી બનનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન, ઇનામ અને પ્રામાણપત્રો એનાયત થયા**











**મ.દે. મહાવિદ્યાલય અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આયોજીત "આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ –૨૦૧૯" ના સમાપન કાર્યક્રમનુ આયોજન ઉપાસના ખંડ ખાતે કરવામા આવ્યુ. જેમા કુલનાયકશ્રી ડૉ. અનામિક શાહ, ટ્રસ્ટીશ્રી કનુભાઇ નાયક, નિયામકશ્રી રાજેંદ્રભાઇ ખીમાણી, આચાર્યશ્રી કમલેશભાઇ પટેલ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના કર્મચારી તેમજ મહાનુભાવોએ હાજરી આપી, કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો.**